ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*(રજત જયંતી વર્ષ)*

*કયાંથી કાઢે બિચારાં દવાગોળી - ને વેન્ટીની એપ,*
*માણસે જ ફેલાવ્યો છે પંખીઓમાં મૃત્યુનો ચેપ*
*લોપ થાય જીવન, શ્વાસ મૂંઝાય ને પટકાય -*
*નિર્દોષ પંખીઓના પ્રવાસની પૂરી થાય ખેપ...*

**હાઈકુ**

*સ્વાર્થને કાજે -*
*નિર્દોષ પંખીઓની -*
*મરડો ડોક!*

*છે પ્રત્યાઘાત -*
*માનવજીવનની -*
*પ્રદૂષણના...*

### ચિંતન

*વલિભિર્મુખમાક્રાન્તં પલિતૈરંક્તિં શિરઃ ।*
*ગાત્રાણિ શિથિલાયન્તે તૃષ્ણૈકા તરુણાયતે ॥*

ઉપરોક્ત શ્લોક વૈરાગ્ય શતકમાંથી લેવામાં આવેલ છે.

મરવું કોઈને ગમતું નથી. સૌને લાંબુ જીવન જીવવું છે. પણ લાંબા જીવનમાં વૃદ્ધાવસ્થા અનિવાર્ય છે. વૃદ્ધાવસ્થા કેવી હોય છે?

જે મુખ પહેલાં ચંદ્ર જેવું ઉજ્જવળ અને ઘાટીલું હતું તે હવે ફિક્કું અને કરચલીઓથી ઘેરાઈ ગયું છે. માથું કાળા ભમ્મર વાળથી સુશોભિત હતું તે હવે સફેદ પૂણી જેવા વાળથી ઢંકાઈ ગયું છે. કરચલીવાળા મોઢા ઉપર સફેદ વાળ મુખને વધુ બેડોળ અને નિસ્તેજ બનાવે છે. આવી જ પરિસ્થિતિ શરીરના દરેક અંગોની થઈ છે. હાથ-પગ કામ કરતા નથી. આંખ-કાન-દાંત વગેરે પણ કામ કરતાં નથી. સમગ્ર શરીર ખખડી ગયું છે. તેમ છતાં હજી ઘણું જીવવું છે. ફરીથી જુવાન થવાનું મન થાય છે. તૃષ્ણા જવાન થતી જાય છે. જીર્ણ શરીરમાં જવાન તૃષ્ણા ભારે ઉત્પાત મચાવે છે. કોણ છોડાવે છે આ તૃષ્ણાથી ? કાં તો યમરાજ કે પછી હરિનામ સ્મરણથી થનારો વૈરાગ્ય.

### સુવિચાર

- બદલ જાઓ વક્ત કે સાથ આ વક્ત બદલના સીખો,
  મજબૂરિયોં કો મત કોસો હર હાલ મેં ચલના સીખો - **સાંઈ ગણેશ**
- કોઈના સદ્ગુણ લૂંટતા શીખી જઈએ તો વાલિયામાંથી વાલ્મિકી થવું કંઈ અઘરું નથી - **એસ. ભટ્ટાચાર્ય**
- કોઈના જીવનની અંધારી રાતોને અજવાળવી એ પણ, એક નવરાત્રી જ છે - **ભૂપત વડોદરિયા**
- બે કિનારા નહિ મળે, કહીને બધા બેસી રહ્યાં, કોઈ પણ કહેતું નથી કે ચાલ, સેતુ બાંધીએ.... - **રોહિત શાહ**
- દરેક માણસના હૃદયમાં બે જિંદગી હોય છે, એક જે જીવે છે એ,
  અને બીજી જે જીવવા માંગે છે એ - **કાજલ ઓઝા**
- કાં તો કમાવાની તાકાત હોય તેટલું વાપરો,
  કાં તો વાપરવાની ઈચ્છા હોય એટલું કમાવાની તાકાત રાખો - **તાહીર સાહેબ**
- આજનું ઔષધ : ઓલીવ ઓઈલ બે ચમચી - બે ચમચી લીંબુ રસનું મિક્ષર માથામાં માલિશ કરવાથી ડેન્ડ્રફ મટે છે અને વાળ મજબૂત બને છે. **(સંકલન : દીપક વી. આશરા)**

### બોધકથા

એક સન્યાસી ભગવાધારી ટ્રેનમાં મુસાફરી કરતા હતા. બાજુની સીટમાં બે કોલેજીયન યુવાન પણ પ્રવાસ કરતાં હતા. આ યુવાનો ભગવાધારીના પહેરવેશ અને રીતભાત, એમના સ્વભાવ વિશે અંગ્રેજીમાં ટીકાત્મક ચર્ચા કરતા હતા. તેમનો ખ્યાલ એવો હતો કે આવા સાધુને થોડું અંગ્રેજી આવડે? તેમની ઉદ્ધતાઈ અને તોછડાઈ પર ભગવાધારીનું ધ્યાન પણ ન હતું. ટ્રેન સ્ટેશન પર ઊભી રહી. અને રેલવે સ્ટેશનના માસ્તર ફૂલનો હાર અને ફળોની ટોપલી લઈ પેલા ભગવાધારીને શોધતા શોધતા આવી ચડ્યા. અને સ્ટેશન માસ્તરે અંગ્રેજીમાં શરૂવાત કરતા કહ્યું, 'મને મિશનમાંથી, આપ આ ટ્રેનમાં પસાર થવાના છો એવા સમાચાર મળ્યા હતા. તેથી આપના દર્શનનો લાભ લેવા આવ્યો છું. આ નાની ભેટ અને અમારા સ્ટેઓશન તરફથી આ શુભેચ્છા સ્વીકારો.' થોડીવારનો આ પરિચય અને વાતચીત અંગ્રેજીમાં જ થયા. ટ્રેન ઉપડી. હવે પેલા બે કોલેજીયનો ભોંઠા પડ્યા. તેમણે ભગવાધારીની ક્ષમા માંગતા કહ્યું, 'મહારાજ, અમે અંગ્રેજીમાં આપના વિશે ગમે-તેમ બોલતાં હતા છતાં આપે વિરોધ કેમ ન કર્યો??' સ્વામીએ કહ્યું, 'હજી ઘણાં કરવા જેવા કાર્યો અધૂરા છે, મારી શક્તિ તુચ્છ વિવાદમાં હું બગાડવા ઈચ્છતો ન હતો.' આ ભગવાધારી હતા સ્વામી વિવેકાનંદ.

# સમસ્ત દેશમાં રસીકરણનો શુભારંભ

**તંત્રીસ્થાનેથી...**

મહામારી સામેની નિર્ણાયક લડાઈમાં આખરે ધાર્યા કરતાં ઘણી વહેલી કોરોનાની રસી ઉપલબ્ધ કરાવીને ભારતીય વૈજ્ઞાનિકોએ એક નવતર સીમાચિહ્ન સ્થાપ્યું છે. ઓછી વસતિ ધરાવતા દેશોમાં રસીકરણ શરૂ થયાનો લાંબો વખત નથી થયો. ભારતે વિશ્વનો સૌથી મોટો રસીકરણ કાર્યક્રમ સમયસર શરૂ કરી વિજ્ઞાનક્ષેત્રે એક વિક્રમ સ્થાપ્યો છે એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લેખાય. કેન્દ્ર સરકાર અને સ્વદેશી ફાર્માસ્યુટિકલ કંપનીઓ આ મુદ્દે ખૂબ જ ગંભીર છે એની પ્રતીતિ રસીના ટ્રાયલથી લઈ ડ્રાય રન અને છેલ્લે પ્રત્યક્ષ રસીકરણના આયોજનબદ્ધ કાર્યક્રમો દ્વારા થતી રહી છે. પ્રથમ તબક્કામાં ત્રણ કરોડ જેટલા લોકોને આવરી લેવાની દિશામાં પહેલા જ દિવસે અનેક કેન્દ્રો પર સંખ્યાબંધ લોકોએ રસી લીધી છે અને જૂજ અપવાદો સિવાય રસીની આડઅસરો જોવા મળી નથી તે ઘણી જ સંતોષકારક બાબત છે. સૌથી પહેલાં તબીબી જગતના માંધાતાઓએ રસીકરણ કરાવીને રસી વિશેની ગેરસમજો દૂર કરવાનો સ્તુત્ય પ્રયાસ કર્યો છે. દિલ્હીની એમ્સ હોસ્પિટલના ડાયરેકટર ડૉ. ગુલેરિયાથી લઈ અમદાવાદની સિવિલ હોસ્પિટલ, એસવીપી હોસ્પિટલ અને ગાંધીનગરની સિવિલ હોસ્પિટલના સિનિયર પદાધિકારી તબીબોએ રસીકરણ કરાવીને પ્રજાજનોમાં રસી વિશે પ્રવર્તતી શંકાકુશંકા દૂર કરવાનું કાર્ય કર્યું છે. દેખીતી રીતે જ કેન્દ્ર સરકારે રસીનો સૌથી પહેલો લૉટ ફ્રન્ટલાઈન કોરોના વોરિયર્સને ફાળવી એક પ્રકારનું ઋણ ચૂકવ્યું ગણાય. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રસીકરણ અભિયાન શરૂ કરતી વખતે આવા ફ્રન્ટ લાઈન કોરોના વૉરિયર્સને બિરદાવ્યા અને એ પૈકી સેંકડોએ જીવના જોખમે કોરોના પીડિત દરદીઓની સેવામાં જે ઐતિહાસિક બલિદાન આપ્યું છે એનું પુણ્યપ્રકોપ કર્યું. આવા સંનિષ્ઠ તબીબો, પેરા મેડિકલ સ્ટાફ, પોલીસદળના જવાનો અને કેટલાક વહીવટી કર્મચારીઓએ સંકટ સમયે જીવનનું જોખમ વહોરીને જનસેવા તે પ્રભુ સેવાના ઉચ્ચતર મૂલ્યને જ આચરણમાં ઉતાર્યં છે. એમને જેટલી અંજલિ આપીએ એટલી ઓછી ગણાશે. રસીકરણના મહા અભિયાન સામે શંકાકુશંકા અને અફવાઓની આંધી પણ ચાલતી રહી છે. કોરોના વેકસીનને પૂરતા ટ્રાયલ વગર ઈમરજન્સી ઉપયોગમાં લેવાઈ રહી હોવાના આક્ષેપથી લઈ આ રસી અન્ય દેશોના રાજદ્વારી નેતાઓની જેમ ભારતના નેતાઓએ સૌપ્રથમ લેવી જોઈએ - એવા મતમતાંતરો ચાલતાં રહ્યા છે. વળી કોઈએ કોરોના વેકસીનની 'ડીએનએ'ની ગરબડ, શરીરનાં વિવિધ અંગોને નુકસાન થવાની સંભાવના તથા માનસિક સંતુલન પર અસર થશે એવી શંકા કરી છે તો કોઈએ એથી નપુસંકતા આવી શકે છે, એવી અફવા પણ ઉડાડી છે. કોરોના વેકસીનની બે અલગ અલગ લેબોરેટરી દ્વારા તૈયાર કરાયેલ રસી પૈકી હૈદરાબાદની લેબોરેટરી દ્વારા તૈયાર થયેલ 'કો-વેકસીન' વિશે વધુ શંકાઓ સેવતી રહી છે. પૂનાની સીરમ ઈન્સ્ટિટયૂટ દ્વારા વિકસાવાયેલ 'કોવિશીલ્ડ' વધારે સલામત હોવાની વાતો વહેતી થઈ છે. દિલ્હીની પ્રખ્યાત રામમનોહર લોહિયા હોસ્પિટલના ડૉકટરોએ 'કો-વેક્સીન' લેવાની ના પડી છે અને 'કોવીશીલ્ડ'નો આગ્રહ રાખ્યો છે. ગુજરાતને અલબત્ત, 'કોવીશીલ્ડ'ના જ ડોઝ ફાળવાયા છે. પરંતુ કો-વેકસીન પણ એટલી જ અસરકારક હોવાની તથા આડઅસરમુક્ત હોવાની પ્રતીતિ કરાવવા એમ્સના ડાયરેકટર ડૉ. ગુલેરિયાને ખુદ 'કો વેકસીન' મુકાવી છે. પંજાબમાં પણ કો વેકસીનનો વિરોધ થઈ રહ્યો છે. નોર્વેમાં થયેલ ૨૩ મોત પછી ફાઈઝરની રસી સામે વિરોધના સૂર ઊઠ્યા છે. અલબત્ત, યુરોપમાં મોટેભાગે ફાઈઝરની રસીનું પ્રચલન રહ્યું છે. કો વેકસીનની ઉત્પાદક કંપનીએ આડઅસરો થતાં એનું વળતર આપવાનું વચન આપી ઊહાપોહ શાંત પાડવા કોશિશ કરી છે. વિવિધ રોગોની રસીઓના ૬૦ ટકા રસીઓનું ઉત્પાદન ભારતની ફાર્માસ્યુટિકલ કંપનીઓ કરતી હોય ત્યારે 'આત્મનિર્ભર' રસી ઉત્પાદન બદલ ભારત દુનિયામાં અગ્રિમ પંક્તિનો દેશ બની રહે તે સ્વાભાવિક છે. બ્રાઝિલ જેવા દેશો ભારત પાસેથી રસીનો મોટો જથ્થો મેળવવા લાઈનમાં ઊભા છે. 'દવાઈ ભી ઔર કડાઈ ભી' - એ વડાપ્રધાનનો સંદેશ સહુએ સમજણપૂર્વક અમલમાં મૂકી કોરોના સામેની નિર્ણાયક લડાઈમાં સામેલ થવાની જરૂર છે.

# ઉધાર માગવાની કળા



**સહેજ મલકીએ!**

અનંત પટેલ

● દુકાનોમાં 'આજે રોકડા કાલે ઉધાર' એવું વાક્ય એક જમાનામાં કોઈ વેપારીને લખવું પડતું ન હતું, પણ કેટલાક કલાકાર ગ્રાહકોએ આવું લખવાની વેપારીઓને આજના જમાનામાં ફરજ પાડી છે...

● ઉધાર માગવું એ કાંઈ ગુનો નથી,પણ ઉધારે માલ કે પૈસા લીધા પછી એનાં નાણાં નિયત અથવા તો વાજબી સમયમાં પાછા ન ચૂકવીએ તે કોઈ ચલાવી ન જ લે....

● માલ ઉધારે લઈને નાણાં નહિ ચૂકવવામાં માનનારા ગ્રાહકોની કેટલીક ખાસિયતો જાણીએ.

૧. પ્રથમ તો એ મીઠાબોલા કે મીઠાબોલી હોય છે,

૨. જ્યાંથી ઉધારે લેવું હોય એટલેકે જે વેપારીને બાટલીમાં ઉતારવો હોય એને કે એના ઘરના કોઈ સભ્યને સારી સારી વાતો કરીને એ વિશ્વાસમાં લે છે,

૩.લળી લળીને સ્માઈલ આપતી નવી મહિલા ગ્રાહકથી તો વેપારીને ભગવાન જ બચાવે...

૪. શરૂ શરૂમાં ઉધારે લીધેલ માલનાં કે ઉછીનાં લીધેલ નાણાં વાયદા કરતાં વહેલાં ચૂકવીને એ પોતાની વિશ્વાસનિયતા ઉભી કરે છે...

૫.જ્યારથી એ ગ્રાહક નક્કી કરે કે હવે નાણાં ચૂકવવાં નથી કે ચૂકવી શકાય એમ નથી તો એ દિવસથી એ પોતાનો આવવા જવાનો રસ્તો બદલી નાખે છે...

૬. લેંણદાર સામે ના મળી જાય એવા પેંતરા એ કરતા જ હોય છે,ને કદાચ ન છૂટકે લેણદાર વહેપારી ભટકાઈ જાય તો એકદમ ઢીલા થઈને જાત જાતનાં બહાનાં બતાવવામાં એ પાવરફુલ હોય છે...

● પાછુ આવા લોકો કોઈને નાણાં ચૂકવવાની ના તો પાડતા જ નથી....લેંણદાર થાકી જાય પણ એ થાકતા નથી..

● શહેરોમાં વસતા કેટલાક દેવાદારો બે ચાર જગાએથી આવી ઉધારી કરે છે ને ઘાટ આવે તો એમનું ઘર જ બદલતા રહે છે... અરે ઘણીવાર તો મકાન માલિકને ભાડુ પણ નથી ચૂકવતા.... ને વાયદા કરતા જ રહે છે..

● ગામડાંમાં તો ઉધારે લઈને પૈસા ન ચૂકવનાર જે તે વેપારીના ચોપડે બ્લેક લિસ્ટેડ થઈ જતો હોય છે ને એને તો પછી ગામમાં બીજો કોઈ વેપારી પણ ઉધાર આપતો જ નથી....

● આ લોકોના ચહેરા ઉપર પોતે કોઈના પૈસા નથી ચૂકવ્યા એનો કોઈ ગમ કે શરમ પણ હોતી નથી...

● ચીજ વસ્તુઓ ગીરો મૂકીને ઉધારે માલ કે નાણાં લઈ જતા ઘરાકોએ ગીરો મૂકેલ વસ્તુની ગુણવતાની વેપારીએ ખાતરી કરાવી જ લેવી...

● કેટલાક ઉધારિયા તો એવા પણ હોય છે કે વેપારી જ્યારે ઉઘરાણી કરે ત્યારે એ વેપારીને જૂઠો પાડવાની કોશિશ કરે છે ને પોતે અમુક તારીખે અથવા તો વેપારીના નોકરને કે પત્નીને પૈસા ચૂકવી દીધા છે એવું ઠસાવાવો પ્રયત્ન કરતા હોય છે... જેમ કે, 'નારે ભાઈ મારા પૈસા બાકી હોય જ નહિ, હું તો રેગ્યુલર ચૂકવી જ દઉં છું..'

'અરે તે દિવસે તમારા નોકરને મેં રોકડા ચૂકવી જ દીધા જ છે, તમે એને પૂછી જ લેજો...પછી મને વાત કરજો...'

' હું કંઈ દેવાળિયો નથી, તમે બરાબર હિસાબ ના રાખો એમાં મારો શું વાંક ?'

● ટૂંકમાં ઉલ્ટા ચોર કોટવાલને દંડે એવો ઘાટ કરતા હોય છે...

● આવા લોકોથી બચવાનો એક ઉપાય એવો છે કે એમને થોડું ઉધારે કે ઉછીનું આપીને એટલું નુકસાન વેઠીને એમને ફરીથી દુકાનનાં પગથિયાં નહિ ચડવાની સલાહ આપવી એ જ ઉત્તમ.

શું કહો છો બોલો ?

મો. ૯૮૯૮૪૦૯૦૫૩
anantpatel135@yahoo.com

# એ તારી ભલાઈ છે કે તેં માફી દીધી છે મને, નહીં તો મેં ગૂના કરવામાં ક્યાં કોઈ કસર રાખી?







**WhatsApp ઑફ ધી વીક**

નેહલ ગઢવી

કોઈને 'માફ કરજો' અથવા (Sorry) એમ કહો, ત્યારે સામા માણસની સાથે આંખ મેળવીને ઉચ્ચારજો.

આજના આ સમયમાં જયારે ચહેરા ઉપર આખું વિશ્વ 'માસ્ક' લગાવીન ફરી રહ્યું છે ત્યારે આંખોથી જ મનની અભિવ્યક્તિ થઈ શકે તેમ છે. પણ અહીં વાત માફી માગવાની કે આભાર વ્યકત કરવાની છે. સાવ સહજ રીતે અંગ્રેજોની મેનર્સના ભાગરૂપે આપણે Sorry તેમજ Thank you કહી દેતા હોઈએ છીએ પણ શું હકીકતમાં દિલથી માફી માગવાની કે આપવાની તેમ જ આભાર વ્યકત કરવાની ભાવના આપણામાં વિકસી શકી છે ખરી ? એવો પ્રશ્નો આપણે જ આપણી જાતને પૂછવો રહ્યો.

કોરોનાકાળમાં આપણે ઘણી નવી બાબતો શીખ્યા. પણ જે સૌથી વધુ સાંભળવામાં આવી તેવી બાબતોમાં Hygiene (સ્વચ્છતા), Immunity તેમજ Detox જેવી બાબતો અંગે ઘણી જાગૃતિ આવી. શરીરમાંથી અશુદ્ધિઓ દૂર કરીને શરીરને Detoxify કરવું જરૂરી છે જ પણ મનની શુદ્ધિ માટે આપણે શું કરી શકીએ એ વિચાર પણ આપણે કરવો જ રહ્યો. આજના યુવાવર્ગ નશાના રવાડે ચડ્યો છે. તેમાં હકીકતથી દૂર ભાગીને એક ભ્રામક દુનિયામાં રાચવા ઉપરાંત મનમાં રહેલા ભાવનાઓના કચરાને બહાર ઉલેચવાનો પણ છે. સીધેસીધું કે સહજતાથી જે વ્યકત ન થઈ શકે તે નશો કરીને બહાર નીકળી જાય અને તેનો મન પર બોજ પણ ન રહે તેવું તેમને લાગે છે.

આમ જોવા જઈએ તો નશો કર્યા સિવાય નકારાત્મક ઊર્જાને કયારેક ગુસ્સા રૂપે, કયારેક રડીને તો કયારેક લખીને ઠાલવી જ દેતા હોઈએ છીએ. ખરેખર તો આપણા મનમાં કંઈક જુદું જ ચાલી રહ્યું હોય છે પણ સભ્ય સમાજમાં સારી રીત વર્તવા માટે આપણે આ અંદરની Negativity ને દબાવ્યા જ કરીએ છીએ. અને કયારેક અચાનક જ એ દાબીને રોખેલી ભાવનાઓ વિસ્ફોટ રૂપે ગમે તેની સામે ઠાલવી દઈએ છીએ. અલબત્ત, આપણી ભૂલ સમજાતાં આપણે મનમાં એક guilt અપરાધભાવ મહેસૂસ કરીએ છીએ. અને આવા સમયે સામેલાની આંખમાં આંખ પરોવીને માફી માગવાથી આપણે હળવાફૂલ બની શકીએ છીએ. માટે જ કહેવાયું છે કે ક્ષમા એ વીરનું આભૂષણ છે.

મેહુલ ભટ્ટ લખે છે કે :

"ફાળો છે જેનો મારા ઘડતરમાં,
તે સૌના ભરપૂર આભારે કહું છું....
કયાંક લાગ્યુ હોય જો દુઃખ મારાથી,
તો, માફીની વાત જુદા પ્રકારે કહું છું!"

આપણને મળેલા મનુષ્ય અવતારની કિંમત સમજીને જીવનમાંથી નકારાત્મક ભાવનાને દૂર કરીએ તો જ સારી રીતે જીવી શકાશે. જે રીતે લીંબુ પાણી, ફુદીનો, આદુ, હળદર આ તમામ ચીજનું સેવન કરીને આપણે આપણું શરીર Detoxify કરીએ છીએ તે રીતે કોઈ એક સંબંધ, કોઈ એક મિત્ર કે કોઈ એક એવું માધ્યમ વિકસાવીએ કે જે આપણા મનમાં રહેલી અશુદ્ધિને દૂર કરી શકે!

Last Seen :

**એ તારી ભલાઈ છે કે તેં માફી દીધી છે મને**
**નહીં તો મેં ગૂના કરવામાં ક્યાં કોઈ કસર રાખી?**

**- રસિક દવે**

- nehalgadhavi101@gmail.com

# પોલીસ તપાસમાં કાર્યવાહીમાં અપરાધિક ડાયરીની સમજૂતિ





**કાયદો અને કાનૂન**

અશ્વિન ત્રિવેદી

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ ની કલમ : ૧૭૨ મુજબ તપાસ કરનાર પોલીસ અધિકારી દ્વારા અપરાધિક ડાયરી લખવામાં આવે છે. જેમાં રોજની તપાસની વિગત, અપરાધની વિગત ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ના પ્રકરણ-૧૨ મુજબ ભરવાની હોય છે. જેનાથી સાબિત થાય છે કે તપાસ કરનાર અધિકારીએ ગુનાની યોગ્ય તપાસ કરેલ છે. જે અનુમાનિત નથી. તપાસને રેકર્ડ કરવા માટે કેસ ડાયરી એક અનિવાર્ય અને મહત્વપૂર્ણ જવાબદારી કેસ સાબિત કરવા નિભાવે છે. જેમાં અદાલતની સુનવણી સમયે કેસ ડાયરી ટ્રાયલ દરમિયાન પુરાવાનાં રૂપમાં ઉપયોગ કરવામાં આવતી નથી, પરંતુ તેનો ઉપયોગ માત્ર પરિક્ષણ માટે કરવામાં આવે છે. જેનો ઉપયોગ કેસ ચલાવવા માટે સહાયરૂપ માત્ર છે, પરંતુ તેના આધારથી કેસમાં નિર્દોષ કે અપરાધિ અંગેનો ફેંસલો સંભળાવી શકતો નથી.

ફોજદારી કાર્યરીતિ અધિનિયમ, ૧૯૭૩ની કલમ : ૧૭૩ મુજબ તપાસ કરનાર પોલીસ અધિકારી નિર્ધારીત પત્રમાં એક કેસ ડાયરીમાં તપાસના દરેક દિવસની નાનમાં નાની વિગત અપરાધીનું વર્ણન, જેમાં પક્ષકારોના નામ, ખબરનો પ્રકાર, કેસના સંજોગોમાંથી માહિતગાર જણાય તે વ્યક્તિઓના નામ, ગુનો થયો છે કે કેમ અને જો થયો હોંય તો તે કોણે કર્યો છે તે, આરોપીને પકડવામાં આવ્યો છે કે કેમ તેમજ આરોપીને જાત મુચરકાના જામીન પર છોડેલ છે કે નહી, તેમજ કલમ : ૧૭૦ મુજબ કસ્ટડીમાં મોકલેલ હોય તેની વિગત, તપાસની રીત તથા સાક્ષી પુરાવાની વિગતો, તપાસમાં મળેલ મુદ્દામાલની વિગત આ કેસ ડાયરીમાં લખે છે.

કોઈપણ અદાલત કોઈપણ કેસમાં કેસ ડાયરીની માંગણી કરી શકે છે, પરંતુ તેને પુરાવાનાં રૂપમા લઈ શકતી નથી, પરંતુ પુરાવાની સહાયતા માટે તપાસની સહાયતા માટે તેનો ઉપયોગ કરવામાં આવે છે.

એક પોલીસ ડાયરી અપરાધિક કેસના દસ્તાવેજ માની શકાય છે, પરંતુ તેને પુરાવાના રૂપમાં માનવામાં આવતી નથી, જેમાં માત્ર તથ્ય જ હોય છે. જેને કોર્ટમાં પુરાવાથી સાબિત કરવામાં આવે છે.પોલીસ ડાયરીને ના તો તપાસમાં સંપૂર્ણ અને ઠોસ માનવામાં આવતી નથી. ગુનાની તપાસમાં પોલીસ અધિકારી ગુનાના મામલામાં તપાસને એક મહત્વપૂર્ણ માનવામાં આવે છે. જેમાં કોઈપણ ત્રૂટી રહી જાય કે ભૂલ થાય તો ગુનેગાર વ્યક્તિને ન્યાય અપાવવામાં અવરોધરૂપ બની શકે છે. તપાસ અધિકારીની જવાબદારી બને છે કે તે અદાલતમાં પુરતા પુરાવા ગુનેગાર વિરૂધ્ધ રજુ કરે જેનાથી અદાલતને યોગ્ય ન્યાય કરવામાં સફળતા મળી શકે છે.

અદાલતને ગુનાની તપાસમાં સંદેહ જણાય અને પ્રત્યક્ષ અને પરોક્ષ રૂપથી તે તપાસ ડાયરી ઉપર નિર્ભર રહે તો ગુનેગારને ન્યાય અપાવવામાં મુશ્કેલી થાય છે તથા કેટલીક વાર અન્યાય પણ થઈ શકે છે. તેથી પોલીસ તપાસની ડાયરીને પુરાવામાં ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. માત્ર તેને કેસ ચલાવવામાં મદદરૂપ તરીકે જ ઉપયોગમાં લેવાય છે.

ફોજદારી કાર્યરીત અધિનિયમ, ૧૯૭૩ના પ્રકરણ : ૧૨ ની કલમ:૧૭૨માં કેસ ડાયરી અંગે વિસ્તૃત રૂપથી વ્યાખ્યા આપવામાં આવી છે. જે મુજબ તપાસ અધિકારીએ તપાસની વિગતો ડાયરીમાં ભરવાની રહે છે. પ્રત્યેક પોલીસ અધિકારીએ ગુનાની તપાસની દિન પ્રતિદીનની વિગત પોલીસ ડાયરીમાં લખવાની રહે છે. તેમજ તપાસ કરેલ જગ્યાની વિગત સમય સાથે લખવાની રહે છે. કલમ : ૧૭૨(૧) મુજબ દરેક પોલીસ અધિકારી જે આ પ્રકરણ મુજબ તપાસ કરે છે તે તપાસમાં કરેલ પ્રત્યેક કાર્યવાહીની દિન પ્રતિદિનની વિગત સમય સાથે આ ડાયરીમાં લખવાની રહે છે. તપાસનો પ્રારંભ કરેલ તે સમય તથા તપાસ પૂરી કરી તે સમયની નોંધ લખવાની રહે છે.

અદાલતને પોલીસ ડાયરી મંગાવવાનો અધિકાર આપેલ છે, પરંતુ તેનો ઉપયોગ એક તપાસ પૂરતો જ સિમિત રાખવામાં આવ્યો છે. તે પુરાવાના રૂપમાં લેવામાં આવતી નથી. કલમ:૧૭૨(૨) મુજબ ન્યાયાલયે દંડ કરવાનો હોય તેવા સમયે પણ પોલીસ ડાયરી મંગાવી શકે છે, પરંતુ આરોપી કે તેના કોઈપણ પ્રતિનિધિ આ પોલીસ ડાયરીની માંગ કરી શકતા નથી. અદાલતમાં રજુ કરેલ ડાયરીને જોવાનો અધિકાર ગુનેગાર તો નથી તેના વકીલ પણ આ ડાયરી અદાલત પાસેથી માંગી શકતા નથી. ડાયરી માત્ર અદાલતનો જ ક્ષેત્ર અધિકાર છે. જે કેસની સહાયતા માટે છે.પુરાવા માટે ગ્રાહ્ય રાખવામાં આવતી નથી. જો અદાલત આ ડાયરીનો ઉપયોગ અપરાધીના વિરૂધ્ધ કરવામાં આવે તો પુરાવા અધિનિયમ, ૧૮૭૨ ની કલમ:૧૬૧ અથવા ૧૯૫ની જોગવાઈઓ લાગુ પાડવામાં આવે છે. ગુનેગાર ત્યારે જ ડાયરી જોવા માંગી શકે છે કે જ્યારે ડાયરીના વિવરણનું ખંડન કરવાનું હોય પોલીસ ડાયરીએ અદાલતમાં ચાલતા કોઈપણ કેસમાં ન્યાયાધિસની સહાયતા માટેનું એક માત્ર આધાર છે જેને પુરાવા તરીકે ઉપયોગ કરી શકાતો નથી.

મો. ૯૮૨૫૪ ૫૦૧૯૧,
info@trivediassociates.in